# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-12-2024** **Evening : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે નવી દિલ્હીમાં આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો અને પ્રતિનિધિઓ સાથે પ્રિબજેટ પરામર્શ બેઠક યોજી
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી.
3) આમ આદમી પાર્ટી દિલ્હીમાં મતદાર યાદી સાથે છેડછાડ કરી રહી હોવાનો ભાજપનો આક્ષેપ
4) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી કતારની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે
5) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ISRO શ્રી હરિકોટાથી બે ઉપગ્રહનું પ્રક્ષેપણ કરશે.
6) ઇથોપિયામાં મુસાફરોથી ભરેલી ટ્રક નદીમાં ખાબકતાં 71 લોકોના મોત

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## SITHARAMAN - PRE BUDGET

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં આગામી કેન્દ્રીય બજેટને અનુલક્ષીને આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો અને પ્રતિનિધિઓ સાથે પરામર્શ

બેઠક કરી હતી. આ બેઠકમાં નાણા સચિવ, આર્થિક બાબતોના વિભાગના સચિવો, સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અને આરોગ્ય મંત્રાલય અને શાળા શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. આ અગાઉ નાણામંત્રી નિર્મલા સીતારમણે ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે પ્રી-બજેટ કન્સલ્ટેશન બેઠકની અધ્યક્ષતા કરી હતી. આગામી નાણાકીય વર્ષ  માટેનું કેન્દ્રીય બજેટ આવતા વર્ષે 1લી ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ થાય તેવી સંભાવના છે. નાણામંત્રી નિર્મલા  સીતારમણ સતત આઠમી વાર બજેટ રજૂ કરશે.

## AMIT SHAH DHARMPUR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન તેમણે કરોડોના ખર્ચે તૈયાર થનારા નવા મકાનનું ભૂમિપૂજન પણ કર્યું હતું. અહીં તેમણે જૈન દેરાસર અને આશ્રમની મુલાકાત લીધી હતી.

અહીં તેમણે વાર્ષિકોત્સવના પૂર્ણાહુતિના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ દ્વારા આયોજીત કાર્યક્રમમાં વિશેષ પૂજન અને અભિષેકના કાર્યક્રમમાં હાજરી આપી હતી. રાજચંદ્ર આશ્રમ દ્વારા નિર્માણ થનારા નવા મકાનનું ભૂમિપૂજન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આશ્રમ દ્વારા વલસાડ જિલ્લાના ધરમપુરના આદિવાસી વિસ્તારના ઉત્થાન માટે કરવામાં આવતી કામગીરી, જાગૃતિ અને આશ્રમ દ્વારા વિસ્તારના લોકો માટે ઉભી કરવામાં આવેલી રોજગારીની તકો અંગે વિગતવાર માહિતી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સમક્ષ સંસ્થાના અગ્રણીઓ અને સેવકો દ્વારા રજૂ કરી હતી.

## PM JIMMY CARTER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જીમી કાર્ટરના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી એ  શ્રી કાર્ટરને

ચોક્કસ લક્ષ્યના રાજનેતા ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે શ્રી કાર્ટરે વૈશ્વિક શાંતિ અને સંવાદિતા માટે અથાગ મહેનત કરી હતી અને ભારત-યુએસ સંબંધોને મજબૂતી આપવામાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

## BJP VOTER LIST

ભાજપે આજે દાવો કર્યો છે કે આમ આદમી પાર્ટી દિલ્હીમાં મતદાતાઓની યાદી સાથે છેડછાડ કરી રહી છે. બીજેપી નેતા પરવેશ સાહિબ સિંહ વર્માએ આરોપ લગાવ્યો કે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના મત વિસ્તારના મતદાર યાદીમાંથી 61 હજાર લોકોના નામ હટાવી દેવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે, 2020માં એક લાખ 46 હજાર લોકોના નામ મતદાર યાદીમાં હતા, પરંતુ હવે તેમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

## DELHI IMAM PROTEST

દિલ્હીના વકફ બોર્ડના ઇમામોએ આજે પગાર આપવાની માંગણી સાથે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસ્થાનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું..

ઓલ ઇન્ડિયા ઇમામ એસોસિયેશનના અધ્યક્ષ મોહમ્મદ સાજિદ રશીદીએ કહ્યું કે છેલ્લા 17 મહિનાથી તેમને મહેનતાણુ મળ્યું નથી . તેમણે જણાવ્યું હતું કે તેમની વારંવારની રજૂઆત છતાં પણ હજુ સુધી વેતન આપવામાં આવ્યું નથી બીજીતરફ પંજાબથી આવેલા 180 શિક્ષકોએ આજે દિલ્હીના પૂર્વ મંત્રી અરવિંદ કેજરીવાલના ઘરની બહાર પગાર મામલે પ્રદર્શન કર્યું હતું..

## S .JAYSHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી કતારની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે જશે. મુલાકાત દરમિયાન તેઓ કતારના પ્રધાનમંત્રી અને વિદેશ પ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન જાસિમ અલ થાનીને મળશે. એક નિવેદનમાં,

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ મુલાકાત બંને પક્ષોને રાજકીય, વેપાર, રોકાણ, ઉર્જા, સુરક્ષા, સાંસ્કૃતિક અને પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહિત દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓની સમીક્ષા કરવામાં સક્ષમ બનાવશે.

## DAY ISRO - SPADEX

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા - ISRO આજે રાત્રે શ્રી હરિકોટા થી બે ઉપગ્રહનું પ્રક્ષેપણ કરશે.જેને સ્પેડેક્સ મિશન તરીકે ઓળખવવામાં આવે છે. બે ઉપગ્રહો, SDX-01,ને ચેઝર અને SDX-02,ને લક્ષ્ય તરીકે ઓળખવામાં આવે છે. લગભગ 66 દિવસના સમયગાળા સાથે ટાર્ગેટ અને ચેઝર સેટેલાઇટ બંને એક જ ભ્રમણકક્ષામાં દસથી વીસ કિલોમીટરના અંતરે મૂકવામાં આવશે. અમારા આકાશવાણી બેંગલોરના સંવાદદાતા જણાવે છે કે, આ મિશન ભારતને ચંદ્ર પર પોતાનું ભારતીય અંતરીક્ષ સ્ટેશન બનાવવા માટે સક્ષમ બનાવશે જ્યાં સેટેલાઇટ ડોક કરી શકે અને પૃથ્વી પર પરત ફરી શકે.. આ મિશનને કારણે , ડોકીંગ અને અનડોકિંગ ટેકનોલોજીમાં નિપુણતા મેળવનાર ભારત વિશ્વનો ચોથો દેશ બનશે.

## PUNJAB-BANDH

પંજાબમાં ખેડૂત સગંઠનો દ્વારા પાક માટે ટેકાના ભાવની કાયદેસર ગેરંટીની માંગને લઈને બંધનું એલાન આપવામાં આવ્યું હતું .જે શાંતિપૂર્ણ રીતે પૂરું થયું છે.આ બંધના કારણે રેલવે અને રસ્તાઓ ઉપરનો ટ્રાફિક ખોરવાયો હતો અને સામાન્ય લોકોને મુશ્કેલી પડી હતી. જો કે, એમ્બ્યુલન્સ સહિતની ઇમરજન્સી સેવાઓ કાર્યરત રહી હતી. હવે વાહનવ્યવહાર પુનઃ શરૂ કરવામાં આવ્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો આ સમાચાર આપ અમારી . Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો વધુ સમાચાર માટે .

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## DELHI POLICE - NEW YEAR PERTOLING

રાષ્ટ્રીય રાજધાની  નવી દિલ્લીમાં નવા વર્ષની પૂર્વ સંધ્યા પર યોજાનાર કાર્યક્રમને ધ્યાનમાં રાખીને દિલ્લી પોલીસે તકેદારીના ભાગરૂપે  સુરક્ષા વધારી દીધી છે.આ અંગે માહિતી આપતા અમારા દિલ્લીના સંવાદદાતા જણાવે છે કે, ખાસ કરીને આ સમયમાં બજાર , મોલ , હોટેલ તેમજ અન્ય જાહેર જગ્યા પર પોલીસ જવાન તૈનાત રહેશે. ભીડ વાળી જગ્યામાં નજર રાખવા માટે cctv કેમેરા અને અત્યાધુનિક ટેકનોલોજી થી સજ્જ વાહન તૈનાત કરવામાં આવશે. મહિલાઓની સુરક્ષા માટે મહિલા પોલીસ કર્મચારી પણ ખડેપગે  રહેશે.

## ETHIOPIA-ACCIDENT

ઇથોપિયામાં મુસાફરોથી ભરેલી ટ્રક નદીમાં ખાબકતાં 71 લોકોના મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે મૃતકોમાં 68 પુરૂષો અને ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. આ દુર્ઘટના ગઈકાલે સિદામા રાજ્યમાં સર્જાઇ હતી, જે ઇથોપિયાની રાજધાની અદીસ અબાબાથી લગભગ 300 કિલોમીટર દક્ષિણમાં છે. લગ્નમાં જઇ રહેલા લોકોને આ અકસ્માત નડ્યો હતો.

## PM MANUFACTURING UNIT

ભારતના મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આ વર્ષે નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે, જે વૈશ્વિક પાવરહાઉસમાં તેના પરિવર્તનને રેખાંકિત કરે છે. નરેન્દ્ર મોદી સરકારે છેલ્લા દસ વર્ષમાં દૂરગામી આર્થિક, સામાજિક અને વિદેશ નીતિની પહેલો અમલમાં મૂકી છે. આ પહેલોએ વૈશ્વિક શક્તિ તરીકે ભારતના વિકાસમાં ફાળો આપ્યો છે. અમારા સંવાદદાતા જણાવે છે કે આ સમયગાળા દરમિયાન, દેશે વૈશ્વિક ઉત્પાદન હબ તરીકે પોતાની

જાતને સતત સ્થાન આપ્યું છે. છેલ્લા દાયકામાં, ભારતના ઉત્પાદન ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, જે મોટાભાગે મેક ઇન ઇન્ડિયા પહેલ દ્વારા પ્રેરિત છે. 14 ક્ષેત્રોમાં પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજનાઓની રજૂઆતથી એક લાખ 28 હજાર કરોડ રૂપિયાથી વધુનું રોકાણ આકર્ષિત થયું અને 8.5 લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું છે.

## NCC - CAMP

નેશનલ કેડેટ કોર્પ્સ-NCC ની 2025ની પ્રજાસત્તાક દિવસ શિબિર આજે નવી દિલ્હીના કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડ ખાતે સર્વ ધર્મ પૂજા સાથે શરૂ થઈ. 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી કુલ 2 હજાર 361 કેડેટ્સ આ શિબિરમાં ભાગ લઈ રહ્યા છે. જેમાં 917 મહિલા કેડેટ્સ સાથે, આ વર્ષના કેમ્પમાં સૌથી વધુ મહિલા કેડેટ્સ ભાગ લેશે. કે, આ શિબિર એક મહિના સુધી ચાલશે. જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના 114 કેડેટ્સ અને ઉત્તર પૂર્વ ક્ષેત્રના 178 કેડેટ્સ છે. આ શિબિરમાં મિત્ર દેશોના 14 કેડેટ્સ અને અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે. પ્રજાસત્તાક દિન શિબિરનો મૂળ ઉદ્દેશ્ય ભાગ લેનારા કેડેટ્સમાં દેશભક્તિ, શિસ્ત અને નેતૃત્વના ગુણોની ઊંડી ભાવના કેળવવાનો છે.

## 2025 - YEAR OF READING

આસામના મુખ્યમંત્રી ડૉ . હિમંતા બિસ્વા સરમાએ આવનાર 2025 ના વર્ષને વાંચન વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું કે, આ જાહેરાત સાથે જ વાંચનને પ્રોત્સાહન મળે તેવી સામાજિક વ્યવસ્થાનો પાયો નાખવામાં આવ્યો છે. તેઓએ જણાવ્યું કે, આ વર્ષમાં રાજ્યમાં 259.7 કરોડ રૂપિયાના ખર્ચે આધુનિક સુવિધા થી સજ્જ 2 હજાર 597 પુસ્તકાલય બનાવવાની મંજૂરી આપવામાં આવી છે.

## CRICKET - BGT TEST RESULT

ક્રિકેટમાં, મેલબોર્નમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ટેસ્ટના પાંચમા અને અંતિમ દિવસે ઓસ્ટ્રેલિયાએ ભારત પર 184 રનથી જીત મેળવી છે.

340 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ભારત તેની બીજી ઇનિંગમાં 155 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત તરફથી યશસ્વી જયસ્વાલે સૌથી વધુ 84 રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી પેટ કમિન્સ અને સ્કોટ બોલેન્ડે 3-3 વિકેટ લીધી હતી.

જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ ઝડપી હતી. પાંચ મેચની શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા 2-1થી આગળ છે.

## FOREIGN INVESTORS

વિદેશી રોકાણકારોએ ડિસેમ્બર મહિનામાં અત્યાર સુધી ભારતીય બજારમાં 22 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. ડિપોઝીટરીનાં ડેટા પ્રમાણે વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર-FPI એ ભારતીય મૂડી બજારોમાં 16 હજાર 675 કરોડ રૂપિયા ઠાલવ્યા છે. આ સાથે વિદેશી રોકાણકારોનું કુલ ચોખ્ખું રોકાણ 22 હજાર 27 કરોડ રૂપિયા થયું છે.

છેલ્લાં કેટલાંક મહિનાઓથી વિદેશી રોકાણ પાછું ખેંચાવાનું વલણ જોવા મળ્યું હતું.

આ વર્ષમાં અત્યાર સુધી એફપીઆઇએ ઇક્વિટીમાં એક હજાર 656 કરોડ રૂપિયાનું અને ઋણ બજારોમાં એક લાખ 12 હજાર 410 કરોડ રૂપિયાનું ચોખ્ખું રોકાણ કર્યું છે. આ સાથે 2024માં ભારતીય મૂડી બજારોમાં કુલ રોકાણ આશરે એક લાખ 10 હજાર કરોડ થયું છે.